# અખબારયાદી

# ગાર્ડન ખાતુ

# સુરત મહાનગરપાલિકા

# ૫ મી જુન વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી.

૫ જુન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી નિમિત્તે અંતર્ગત સાઉથ-બ ઝોનમાં બુડીયા લેક, સર્વે નં.૩૧, બ્લોક નં.૧૨૯, રામજીવાડીથી આગળ જતા ડાબી તરફ, બુડીયા ગામ ખાતેના સુચિત લેક ગાર્ડનમાં બુડીયા ગામના નગરજનો અને મહાનગરપાલિકાના અધિકારી/કર્મચારીઓની હાજરીમાં સવારે ૧૧:૦૦ કલાકે લીમડા, કરંજ અને સ્પથોડીયાના કુલ-૩૦ નંગ વૃક્ષોનું પ્લાન્ટેશન કરવામાં આવેલ છે.

૫ મી જુન "વિશ્વ પર્યાવરણ દિન"ની ઉજવણી નિમિતે શહેરના વિવિધ ઝોનમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ તે અંતર્ગત ૬,૦૮૩ નંગ રોપાઓનું પ્લાન્ટેશન અને ૧૨,૬૨૨ નંગ રોપાઓનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે.

ખાનગી સ્થળોએ વૃક્ષારોપણ કરવા માટે સુ.મ.પા. ની વેબસાઈટ http://smc.city/TreePlantation અને મોબાઈલ એપ પર નોંધણીનો પ્રારંભ કરવામાં આવેલ છે. જેનો નગરજનો મોટી સંખ્યામાં ભાગ લઈ ગ્રીન સુરત કેમ્પેઈનમાં જોડાવા જણાવવામાં આવે છે.

ચાલુ ચોમાસા દરમ્યાન શહેરીજનોમાં વૃક્ષારોપણ પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી વિવિધ સામાજીક સંસ્થાઓ, પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ, શાળા, ટ્રસ્ટ વિગેરેને સાથે રાખીને જનભાગીદારીથી વિવિધ વૃક્ષારોપણના કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે. વધુમાં, સુરત શહેર વિસ્તારમાં નગરજનો પાસે વૃક્ષારોપણ માટે પુરતી જગ્યા ન હોય, તેઓના ઘરની લોબીમાં અથવા ટેરેસ પર આયોજનબધ્ધ કુંડામાં કીચન ગાર્ડન/ ટેરેસ ગાર્ડન બનાવી માઈક્રો કલાઈમેટ સાકારીત કરી શકાય તે હેતુથી નવસારી કૃષિ યુનિર્વસીટીના સુરત સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રના સહયોગથી સુ.મ.પા. ના સંયુકત ઉપક્રમે ટેરેસ ગાર્ડન/કીચન ગાર્ડનની તાલીમનું આયોજન કરવામાં આવનાર છે.

સુરત શહેરમાં નાગરીકોને જે તે ઝોન માંથી જ સરળતાથી પ્લાન્ટેશન માટે રોપાઓ મળી રહે તે હેતુથી ૧૫ સપ્ટેમ્બર સુધી નીચે દર્શાવેલ સ્થળોએથી, રોપા ઉછેર કરવાની બાંહેધરી મેળવી, ઉપલબ્ધ રોપાની જાત મુજબ વિનામૂલ્યે રોપાઓ આપવામાં આવશે.

| ઝોન | સ્થળ / બાગોનું નામ |
|---|---|
| સેન્ટ્રલ | ગાંધીબાગ, ચોકબજાર |
| વેસ્ટ | નેતાજી સુભાષચંદ્ર બોઝ ઉધાન, મોરાભાગળ ચાર રસ્તા |
| સાઉથ વેસ્ટ | સુમન નર્સરી - ધન્વંતરી હર્બલ ઉદ્યાન,<br>નગરપ્રાથમિક શાળાની બાજુમાં, પીપલોદ |
| સાઉથ-અ/<br>ન્યુ. સાઉથ-બ | સુમન નર્સરી - ટી.પી.નં. ૪૮, એફ.પી.નં.૭૩ પ્લોટ<br>જીયાવ બુડીયા રોડ, સાંઈ સૃષ્ટિ એપાર્ટમેન્ટની બાજુમાં, ભેસ્તાન |
| સાઉથ ઈસ્ટ | સુમન નર્સરી -<br>ટી.પી.સ્કીમ નં.૬૯ (ગોડાદરા-ડીંડોલી), પ્લોટ નં.આર-૧૮<br>ડીંડોલી સ્વીમીંગપુલની બાજુમાં, ડીંડોલી |
| ઈસ્ટ-અ | શહીદ વિર ભગતસિંહ ઉધાન,<br>ત્રિકમ નગર પાસે |
| ઈસ્ટ-બ<br>(ન્યુ. સરથાણા) | સુમન નર્સરી -<br>ટી.પી.નં.૨૪ (મોટાવરાછા- ઉત્રાણ),ફા.પ્લોટ નં.૨૦૭,આર-૫૬<br>સીએનજી પંપની પાસે, ઈટાલીયા હોસ્પિટલની પાછળ, શ્રીપદ રેસીડેન્સીની સામે, મોટાવરાછા |
| નોર્થ | કાંસાનગર સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ, ગજેરા સર્કલ પાસે, કતારગામ |

**જનસંપર્ક વિભાગ**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર**
**સમાચાર યાદી નં. ૬૪**
**તા.૦૫/૦૬/૨૦૨૪**